**આર.ટી.આઈ. એકટ / રૂલ્સ હેઠળની અરજીઓ પરત્વે Do's & Don'ts અંગે માર્ગદર્શક સૂચનાઓ બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૫–૦૭–૨૦૧૦

__વંચાણે લીધો:__

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪–૧૧–૨૦૦૫નો સમાનાંકી પરિપત્ર.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨–૦૭–૨૦૦૮નો સમાનાંકી પરિપત્ર.

**પરિપત્ર :**

ઉપર આમુખમાં દર્શાવેલ તા.૨૨–૦૭–૨૦૦૮ના પરિપત્રથી આર.ટી.આઈ. એકટ / રૂલ્સ હેઠળની અરજીઓ પરત્વે Do's & Don'ts અંગેની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. ગુજરાત માહિતીના અધિકાર બાબતના નિયમો, ૨૦૦૫ તા.૨૨–૦૩–૧૦ના જાહેરનામાથી રદ કરીને, નવા નિયમો **'ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦'** પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે, જે તા.૨૨–૦૩–૨૦૧૦ થી અમલમાં આવેલ છે. આ નિયમોની જોગવાઈઓ ધ્યાને લેતાં, તા.૨૨–૦૭–૨૦૦૮ના પરિપત્રથી આપવામાં આવેલી સૂચનાઓ પૈકી નીચે દર્શાવેલ સૂચનાઓમાં આંશિક ફેરફાર કરવામાં આવે છે.

(૧) **Do's નો ક્રમ–(૨) :**
અરજદારને પહોંચ પાઠવવાની બાબત 'ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦' નાં નમૂના–ખ માં આવરી લેવાયેલ છે.

(૨) **Do's નો ક્રમ–(૧૩) :**
અરજી ફી રૂા.૨૦ /– છે. 'ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦' નાં નિયમ–૩(૨) મુજબ ફી રોકડમાં ભરવાની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં રોકડમાં અથવા ડિમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર અથવા નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ અથવા નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર અથવા ફ્રેન્કીંગ દ્વારા સ્ટેમ્પીંગ અથવા ઇલેકટ્રોનીક સ્ટેમ્પીંગ અથવા કોર્ટ ફી સ્ટેમ્પ અથવા જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર અથવા

રેવન્યુ સ્ટેમ્પ અથવા આ નિયમો હેઠળ ૦૦૭૦–અન્ય વહીવટી સેવાઓ, ૬૦–અન્ય સેવાઓ. ૮૦૦–અન્ય આવક, (૧૭)–ફી અને અન્ય ચાર્જના અંદાજપત્ર સદરમાં અધિકૃત બેન્કો મારફત સરકારી તિજોરીમાં જમા કરાવેલ ચલન દ્વારા ભરી શકાશે. આથી આ પ્રકારની અરજીઓનો સ્વીકાર કરવો.

૨. તા.૨૨–૦૭–૨૦૦૮ના પરિપત્રની અન્ય માર્ગદર્શક સૂચનાઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી. પટેલ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર.
- ડેપ્યુટી ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
  – આ સૂચનાઓ તેમના વહીવટી હકુમત હેઠળના તમામ ખાતાના વડાઓ / કચેરીઓ / બોર્ડ / નિગમો / જાહેર સત્તામંડળોના ધ્યાને લાવવા સારૂ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- ના.સે.અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.